ગ ૭ મું. દશાહી લશકરને અનાજ વીગેરેની તંગી પાડી તે ઉપર છાપામારી પણું દુઃખ દેવામાંડયું. બાદશાહી લશકરે મોધારત અને ગારાકીયકથી મું-ઝાઈ એકદમ નગર તરફ જવા ઠરાવ કર્યો, એવી આશાથી કે જામનું લશકર આમરણની મજબુત જગા છોડે અને રસ્તે આપણને તેઓ સાથ મુકાબલો કરવાનો ઈતફાક મળે. બાદશાહનું લશકર કુચ કરી જા-મના લશકરની પડોસમાં થઈ નીકળ્યું ને ધ્રોળ પાસે પોહોંતા તેટલામાં તો જામની ફોજ અને રાવભારાની કુમકનાં માણસોએ આમરણથી બાહેર આવી લડાઈ કરવા માંડી. તેમાં દરેક વખત જામને ફતેહ મળ-તી ગઈ. આખર લોમો ખુમાણ અને દોલતખાન જેને જામે પ્રથમ લા-ચાર કર્યા હતા તેઓએ બાદશાહી લશકરમાં બાતની રાહે કહાવી મોકલ્યું કે અમે જામના લશકરની હરોલીમાં છીએ તેથી જે વખત બાગવા માંડ-શું તે વખત જામના લશકરનો પગ ઠરી શકશે નહીં. માટે અમો ભાગી-એ તે વખતમાં તમારે લશકર ઉપર આવી પડવું. લડાઈ ચાલી તે વખત અંદરખાનેથી કરેલી સંતલસ મુજબ લોમો ખુમાણ અને દોલતખાન ભાગા કે જામના લશકરમાં ભગાંણ પડયું. જામ હાથી ઉપરથી ઉતરી ઘો-ડે બેઠો. જેમાવજીએ સાંજ સુધી લડાઈ જારી રાખી બાદશાહી લશકરનો અટકાવ કર્યો. દરમીઆન જામે નગરમાં આવી પોતાનાં બાઈડી છો-કરાંને વાંહાણમાં ચડાવ્યાં. આ વખત કુંવર અજાજીનાં લગ્ન થવાનાં હતાં તેથી તે ઘેર રહ્યા હતા તે આ વાત સાંભળી લશકરમાં આવ્યા. લડાઈ જેસથી ચાલી તેમાં જામની હાર થઈ. કુંવર અજોજી, જેસો વજીર, અને જામની મદદે એક અતીતની જમાત હતી, તે વીગેરે ઘણા રજપુતો અને બીજા લોકો મરાયા, અને ઘણા એક જખમી થયા. દોલતખાન જુનાગઢ ભાગી ગયો, અને જામ તથા મુજફર ડુંગરમાં છપી રહ્યા. અ-જીજ કોકાએ પછી નવાનગર લુટયું તેથી તેને ઘણી લુટ મળી. આ વખ-તથી તેણે નગરનું ઈસલામાબાદ નામ પાડી ત્યાંહા એક પોતાના તરફથી નાયબ મુકરર કર્યો. નવાનગરથી અજીજ કોકાએ [illegible] અને સઈદ કાશમને જુનાગઢ મોકલ્યા. [illegible] જુનાગઢમાં ભરાઈ બેઠો હતો તેને આ વખ[illegible] તેઓ બને

[illegible] આ દેવા.
મુજફ્ફર ત્યાંથી ભા-
[illegible] તેની પછવા-
અમદાવાદ ગયો.
[illegible]ગઢ ઉપર આ-
[illegible] ગીઝ્યાં મલેક વ-
[illegible]તાં બાદશાહી સુબેદાર [illegible]
[illegible]નું બંદર વીગેરે [illegible]
[illegible] કીધો અમીન-
[illegible] તરફથી નવરંગ-
[illegible] કહે છે કે આ વખત
[illegible] ચલાવી, અને અંદર આગ લાગ્યા-
[illegible] આગને વખત અંદરના લોકોએ બા-
[illegible]યો હતો. બાદશાહી લશકરના-
[illegible] તોપ ચલાવતા હતા. આ-
[illegible]

[illegible] મુજબ જુનાગઢ તાબે કરી નવરંગખાન
[illegible] માટે [illegible]મંડલમાં મોકલ્યા. ન-
[illegible]ર્યું, પણ આવેળા
[illegible] દીધો હતો. તેથી
[illegible]નાગાવ બારાને ત્યાંહાં છે
[illegible] પોતાના દીકરા અબદુલાની
[illegible] [illegible] જામ [illegible]

[illegible]
એવું [illegible]
સરદાર [illegible]
બાદશાહી લશકર[illegible]
કચ્છના જમીનદા[illegible]

[illegible] બાદશાહી [illegible]

પ્ર. ૭ મું મસદારે કહ્યું મુજફરને [illegible] કાંઈ મેહેરબાની થશે ના-
હીં. પછીથી મુજફરને [illegible] ો. બાદશાહે તે નોક-
રીના બદલામાં રાવને [illegible] માં આપ્યો. મુજફરને
લઈ બાદશાહી લશકર અમદાવાદ [illegible] હતું ત્યાંહાં ધ્રોળ પાશે મુ-
જફર અસ્તરાથી આપઘાત કરી મરણ [illegible] આ ખબર બાદશાહને
પોહોંતા ત્યારે અઝીજ કોકાને તેડવા બાદશાહે પાર ભરેલો કાગળ લ-
ખ્યો. તેના જવાબમાં અઝીજ કોકાએ લખી મોકલ્યું કે મારે હજી પો-
ર્તુગીસ લોકો પાસેથી દીવ લેવું છે. કોકાએ પોતાની સાથેના તમામ
જમીંદારોને રજા આપી પોત પોતાને ઠેકાણે મોકલ્યા. પછી તેણે દીવ
સાથે વ્યાપાર બંધ કરવા બાબત તમાંમ બંદરોમાં હુકમ લખી મોકલ્યા.
એવી આશાથી કે પોર્તુગીસ લોકોને મુઝવ્યાથી હું તે દરીઆમાં ફરવાની
પરવાનગી મળશે. આ વખતે તેણે કચ્છના ભારા અને નવાનગરના જા-
મને લખી મોકલ્યું હતું કે મારે સિંધને રસ્તે થઈ સરકાર કચેરીમાં જવું
છે. પછી તે સોમનાથ પાટણ આવ્યો, ત્યાહાં તેણે મીર અબદુલ ઈ-
સાક બક્ષી અને સઈદ બાઝીદ દીવાનને કેદ કર્યા. શું કરવા તે ખબર
નથી. આ વખત પોર્તુગીસ લોકો પાશેથી દરીઆમાં ફરવાનું અઝી
જ કોકાને લાઈસેન્સ (પરવાનગી) મલ્યું તેથી તે વેરાવલ પાટ-
ણથી એક ઈલાઈ નામના વાંહાણમાં બેશી સોમાણસથી મકા તરફ
ગયો. જે વખત નવાબ અઝીજ કોકો વાહાણ ઉપર ગયો તે વખત
બધા સવારોનું લશકર દરીઆ કીનારા ઉપર, એક લાઈનમાં ગોઠવા[illegible]
હતું. વાંજા વાગતાં હતાં, અને આંખમાં આંસુની સાથે તે સર્વે[illegible]
[illegible] કરતો કીનારેથી વીદાય થયો. આ વખત કેટલાએક કેદી-
ને છોડી મુકવા તેણે હુકમ આપ્યો હતો. કોકાનું જવું સાંભળી અક-
બર બાદશાહ ઘણો ચીડાયો. તો પણ તેના મોટા દીકરાને તેણે એક
હજાર સવારનો અને બીજાને પાનસેંહ સવારનો [illegible] બનાવ્યો હતો.
આ વખત તેણે સાહાબુદીન [illegible] ની
જગો આ[illegible]
છો આપ્યે
બક્ષ મુતાથા અ[illegible]

રની જગે નિમાયો [illegible] ભા.૨ ભા.
સ૰ ૧૬૦૦ માં બાદશાહે સોરઠની પે-
આપી તે વખત તેણે પોતાના દીકરા શા-
[illegible] અને બીજા દીકરા અબદુલાને જુ-
[illegible] ઈ૰ સ૰ ૧૬૦૫ માં સુલતાન અક-
[illegible] ગાદ [illegible].

૧૫૮ આઈન અકબરીમાં આવખતના સોરઠના જમીદારો વિષે નીચે પ્રમાણે [illegible] —"ગુજરાતનું ઝાલાવાડનું સંસ્થાન જે અગાઉ સ્વતંત્ર [illegible] ાઈમાં ૭૦ કોશ અને પોહોળાઈમાં ૪૦ કોશહતો. તેના [illegible], ૧૦૦૦ સવાર, અને એટલુંજ બીજુ પાયદળનું લશ્કર હતુ. [illegible] હાલમાં તેના તાબામાં ૨૦૦ સવાર અને ૧૦૦૦ પાયદળ છે. આ પ્રાંત ગુજરાતના સુબેદારના તાબામાં ગણાયછે. જમીદાર ઝાલા જાતીના છે. ઝાલાવાડના ચાર વિભાગછે, હળવદ, વઢવાણ, લખતર અને લીંબડી."

ઝાલાવાડની પશ્ચિમના સોરઠ પ્રાંતના અનુક્રમ નવ ભાગ લખેછે. પેહેલો નવો સોરઠ. આ ભાગનો માટી ઝાડી અને પહાડને લીધે પુરતો શોધ થયો નથી. જુનાગઢ એ ભાગમાં છે. બીજો ભાગ પાટણ સોમનાથ તેમાં અને નવા સોરઠમાં ગેહેલોટી જાતીના રાજપુત વસેછે. આ બને પ્રાંતનાં જમીદારોને દરેકને ૧૦૦૦ સવાર અને ૨૦૦૦ પાયદળનું લશ્કર છે. વખત પડે નોકરીમાં આહેર લોકોપણ હથીઆર બાંધી હાજર થાયછે. ત્રીજો ભાગ શેત્રુંજા ડુંગરની તલાટીમાંછે તેમાં એક જુનુ પડતી દીશામાં આવેલુ શેહેરછે. આ ઘણું કરી વલ્લભીના ખંડેર વિષે તેનું લખવું હશે. તેમાં કહેછે કે ઘોઘાનું બંદર અને પીરંમનું બેટ પણ આ ભાગમાંછે. આ ભાગના જમીદારો ગોહેલ જાતીના છે. તેઓના તાબામાં બે હજાર સ્વાર અને ચાર હજાર પાયદલનું લશ્કરછે. ચોથા ભાગ વીશે તે લખેછે કે તે વાળા જાતીના રજપુતના તાબામાછે. આ ભાગમાં મવા અને તળાજાનાં બંદરોછે. આહીનો જમીદાર ત્રણસે સ્વાર અને ૫૦૦ પાયદલનું લશ્કર બાદશાહી નોકરીમાં પુરૂ પાડેછે. શોરઠના બાકીના ભાગ વિ-

ન. ૭ પૃ. ઘે તે નિયમ પ્રમાણે લખતો નથી તોપણ તેના જમીદારો વીશે તેમાં [illegible] પ્રમાણે બયાન આપુછે.

સઠેલ લોકોના તાબામાં આરંભકાર્ના મથ્થી મજબુત અને તે એક હજાર સ્વાર અને ૨૦૦ પ્યાદા [illegible] ઉછે. તેના મગા વાઘને તાબે [illegible] સ્વાર અને તેટલાજ પાળાથી નોકરીમાં હા[illegible] મીંદાર (ધણુંકરી ચીતળ નામરવૈયા) એ [illegible] દાથી નોકરીમાં હાજર થાયછે. એક ભા[illegible] જમીદારોછે, જ- ઓનો તાબામાં ૨૦૦ સ્વાર અને તેટલુ[illegible] લશ્કરછે. એ ભાગના કાઠી જમીંદારો પાશે છ હજાર [illegible] અને દશ હજાર પા- યદલનું લશકરછે. એશીવાય સોરઠના [illegible] નદીને કાંઠે પુ- રંગ ગાપાળા આહેર લોકો પાશે કાઠીના લશ્કરથી અર્ધું લશકર છે. સો- રઠનો ઉત્તર ભાગે જે ન્હાના કચ્છ નામથી ઓળખાય છે તેમાં જામ સતસાલ (સત્તાજી) નામનો જોરાવર જમીંદાર [illegible] હજાર સ્વાર અને આઠ હજાર પાયદલનું લશકર પુરૂં પાડેછે."

અબુલફજલ ઉપર મુજબ સોરઠદીપ[illegible] વિભાગો વિષે બયા- ન આપેછે તેમાં તે નવા સોરઠમાં ચુડાસમાને બદલે ગેલોટી જાતીના જમીદાર લખેછે એ તેણે ભુલ કરી જણાયછે. કેમકે અકબરના વખત- માં હજી ચુડાસમા જમીંદારો જુનાગઢમાં હતા. આ જાતીનો કુળી [illegible] બાદશાહી લશકરની સામો અમીનખાન તઘાર ખાનની મદદ ના હતો.

[illegible] પછી વલ્લભિનગરના રાજા [illegible] સુધી સેનાધિપતીના [illegible] બધી ઓળખાતા હતા તેઓએ સ્વતંત્ર થઈ સૌરાષ્ટ્ર, ગુજરાત અને તેની આસપાસના ઘણા [illegible] દેશ ઊપર પોતાનો અમલ બેસાડ્યો. આ વ- [illegible] વલ્લભિનગર સૌરાષ્ટ્રની રાજ્યધાની થયું. આસરે સાતમી સદીની [illegible] વલ્લભિનગરના બળવાન રાજ્યની આખર થયાથી આ દેશ કે- ટલાંએક ન્હાનાં ન્હાનાં રાજ્યમાં વેહેંચાઈ ગયો તે ફરીને [illegible] એક રાજ્યના અમલ તળે આવ્યોજ નથી.

આ [illegible] ઉત્તર સૌરાષ્ટ્રના પાહાડ અને [illegible]

[illegible] નવો કીલ્લો બાંધી [illegible]

[illegible] તરફ દક્ષિણ [illegible]

[illegible] જેઓ દેવ પાટણ પોતાની રાજ્યધાની [illegible] ઘણા કાળ [illegible] દક્ષિણ સૌરાષ્ટ્ર અને તેને લગતા સમુદ્ર કીનારામાં તથા સમુદ્ર ઉપર અમલ ચલાવતા હતા. તેઓ અહીંથી ગુજરાતના ઉત્તર ભાગમાં [illegible] જઈ વસ્યા કે તુરતજ તેઓની [illegible] જેઠવા [illegible] પોતાનું રાજ્ય સ્થાપ્યું. [illegible] દેવપા[illegible]

[illegible]

[illegible] નામના કસ્બા પોતાની ગાદીની જગ્યા [illegible] ની પડોશમાં જુના વલ્લભિ રાજાઓની ઓ- [illegible] જયેથી આવી વલ્લભિનાં ખંડેર ઉપર વળા નામના કસ્બામાંથી રાજ્ય કરવા લાગ્યા. સૌરાષ્ટ્રમાંથી ચૌરા લોકોની મુખ્ય શાખા આ વખત ગુજરાતમાં જઈ રહી હતી તોપણ તેની કેટલીએક નાની શાખાના ઠાકોરો પ્રભાસ અને ઓખાના કિનારામાં હજી સારો આબરૂદાર ગીરાસ ભોગવતા હતા. ચોથા ભાગમાં, પંચાળના જંગલમાં અને ભાલના રણમાં આ વખત ભીલ કોળી લોકો ઘણા બળવાન ગણાતા હતા. સૌરાષ્ટ્રના લોકોને પોતાના દેશી રાજ્યના સર્વોપરી પણા તળે રહેવાનો તો ફક્ત વલ્લભિના રાજ્યને વખતજ લાહાવ મળ્યો હતો. એ રાજ્ય તુટ્યે કાંઈ વખત સ્વતંત્ર પણે વર્ત્યા પછી આ દેશના રાજાઓને ગુજરાતમાં નવા સ્થપાયેલા અણહિલવાડ શેહેરના રાજાઓએ જીતી પોતાની સર્વોપરી હકુમત તળે દાખલ કર્યા. આથી ફરી ગુજરાત જે આ વખત સુધી સૌરાષ્ટ્રના રાજ્યનો એક ભાગ ગણાતો હતો તેને બદલે હવે ઉલટો સૌરાષ્ટ્ર ગુજરાતના રાજાઓના તાબામાં આવ્યો. જ્યારથી આ દેશના રાજાઓ અણહિલવાડના રાજ્યને તાબે થયા ત્યારથી તેઓને ફરી એક પછી એક થયેલા પોતાની પડોશનાં જોરાવર રાજ્યોનાં ઓસરાં તળેથી સ્વતંત્ર થવાનો વારો આવ્યોજ નથી.

સૌરાષ્ટ્રના ન્હાના ન્હાના રાજાઓ અગર મંડળેશ્વરોનાં સંસ્થાન એક બીજાની પડોશમાં આવ્યાથી તેઓમાં હમેશાં વેર અને ટંટા ફીસાદ ચાલ્યાજ કરતા. એ ટંટાઓ મુખ્ય કરી સીમાડા સારૂ, એક બીજાના અપરાધિને આશ્રય આ[illegible] [illegible]ઓ સારૂ અને બીજા એવાંજ હલકાં અને દ[illegible] [illegible]માં થયેલાં બાપદાદા- [illegible] સાલતાં આવેલ [illegible] હતા. આવે વખત કો- [illegible] રાજા જીત કરવાની મતલબથી લશ્કર લઈ એક રાજ્ય [illegible] તેના પડોશી તેની મદદ કરવા [illegible]

જોઈ બાબ્રુઓ
રી
અ-
રાજાઓને ન-
રીઆ લોકોના
રાજાઓ કદીપણ
ક્યારે પણ તેઓએ પો-
વશીપણું તજી ભેળા થઈ

રાનગણાતાં હ-
માન્યકારી પીતા-
રાજ કે કુમારપાળ જેવા જ-
તણે અણહિલવાડની સત્તા-
ના રાજાઓ ઉ-
તના વખત સુધી
ચા પણ જ્યારથી
રાજ્યનો અમ-
હારે સૌરાષ્ટ્રના
ગિરનારના મંડલિક ને વ-
ની સર્વોપરી સત્તા સ્થાપી.
આપી પોતાના રાજ્યમાં રા-
ઉપરી જેવા જોરાવર થઈ પડ્યા. ગુજ
ઉપરી શરકારની સત્તા નબળી પડેલી જો
મેરોએ ત્યાંહાં એક પોતાનું સ્વતંત્ર
ઓએ અણહિલવાડની દરીઆઈ હકુમ-
લોકો વાઘેલા અને ચુડાસમા-
ના જાગીરદારોમાંથી વા-
નબળો પડેલો જોઈ તે વ-
પર્ણ

જા ૯૧
રહેવાશ

પ્ર. ૭ મું. જમીન દબાવી સ્વતંત્ર જેવા થઈ ગયા હતા, તેમાંના કેટલાએકોએ નમાલી ડંડ કરી કાંઈ વખત સુધી અણહિલવાડના રાજ્યની મ્હોટાઈ ટકાવી રાખી, પણ પછવાડે તે વંશમાં વિરધવળ વાઘેલા જેવા બીજા અનેક રાજાઓની ખામીને લીધે તેઓનો અમલ ઘણો વખત ટક્યો નહી. ઝાલા લોકોએ પણ આ વખતથી સ્વતંત્ર થઈ સૌરાષ્ટ્રની ઈશાન કોણમાં એક પોતાનું જુદુ રાજ્ય સ્થાપ્યું હતું. આ રીતે અણહિલવાડના રાજ્યનો અમલ નબળો પડ્યાથી તેના મંડલેશ્વરો અને જાગીરદારોએ સ્વતંત્ર થઈ પોતાનાં જુદાં જુદાં રાજ્ય સ્થાપ્યાં એટલુંજ નહીં, પણ એ વખત કેટલાએક પરદેશી વંશોએ આવી આ દેશના જોરાવર જમીનદારોને આશ્રે રહી તેની પડોશના કેટલાએક નબળા જમીનદારોને ધસવી પોતાનાં નવાં રાજ્ય સ્થાપ્યાં. આ વખત રજપુતના દીકરા પોતાના બાપના વતનમાં ઘણા હિસ્સા પડ્યાથી પોતાને ભાગે જે થોડો ગીરાસ આવતો તેથી સંતોષ ન પામી, અગર, કુટુંબ કલહને લીધે, કીંવા, જોરાવર દુશમનોના ભયથી પોતાનો ગીરાસ પડતો મુકી અગર ભાટ ચારણ લોકોને દાનમાં આપી પારકા દેશમાં નશીબ અજમાવવા ચાલી નિકળતા હતા. તે વખત તેઓ જ્યાંહાં જતા ત્યાંહાં તેઓને જમા કુળના અને ઉપયોગી લડવૈઆ જોઈ સર્વ કોઈ પોતાને ત્યાંહાં રાખવાનું કરતા. આવા લોકો પ્રથમ જ્યાંહાં જતા ત્યાંહાંના રાજાઓ પાસેથી ગુજરાન જોગી જીવાઈ અગર ગીરાસ લઈ તેમની નોકરીમાં રહી પ્રથમ તો તે દેશમાં પોતાનો પગપેસારો કરતા. પણ પછી જેમ જેમ તેઓની વાકેફગારી વધતી જતી અને જેમ જેમ તેઓને પ્રસંગ મળતો તેમ તેમ તેઓ પોતાની છુપી મતલબ અમલમાં લાવવા ચુકતા નહીં. આ દેશમાં સોઢા, રાઠોડ અને ગોહેલ લોકોની એજ પ્રમાણે સ્થાપના થઈ છે. ગોહેલ લોકો જેવા આવ્યા તેવા કાંઈ વખત ચુડાસમાને આશ્રે અને સોઢા લોકો વાઘેલા ને આશરે રહ્યા. અને પછી જેમ જેમ તેઓને પ્રસંગ મળતો ગયો તેમ તેમ તેઓએ પોતાનું કૌવત અજમાવી આ દેશમાં પોતાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. કાંઈ વખત પછી ગોહેલને ખેરગઢમાંથી કહાડનાર રાઠોડ લોકોમાં પણ કજીઆ થયાથી તેમાંના બે રાઠોડ ભાઈ ત્યાંહાંથી નિકળી આ દેશમાં આવ્યા.

તેઓ કાંઈ વખત પાટડીમાં ઝાલાને આશ્રે રહ્યા. થોડા વખત પછી તેઓએ ઓખાના જમીદારો સાથે લગ્ન સંબંધ કર્યો. ભા ૨૭૦. આ સંબંધથી રાઠોડ ભાઈઓ ઓખામા આવ્યા. ઓખાના જમીદારોમાં તે વખત કજીઆ ચાલતા હતા તેમાં ઉભટી રાઠોડોએ ઊશકેરણી કરી તેમના વેરમાં વૃદ્ધી કરી અને પછી પોતે મધ્યસ્થ પડી વાંદરાની પેઠે ન્યાય કરી બંનેને હાંકી કહાડી પોતે રાજ્યના માલીક થઆ. મોટો ભાઈ આ રીતે ઓખાના રાજ્યનો માલીક થયો, અને નાનાભાઈએ દક્ષિણમાં જઈ પ્રભાસના રાજપુતો અને ઊના દેલવાડાના બ્રાહ્મણોનો ગીરાસ લઈ ત્યાંહાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. કાંઈ વખત પછી કાઠી લોકોએ આવી વાળા સરદાર સાથે સંબંધ કરી તેમની સરદારી તળે આ દેશમાં લુટફાટ કરવા માંડી. જાડેજા અને જેટ વગર ઘણા ખરા હિંદુ વંશોની આ દેશમાં અણહિલવાડના રાજ્યની આખર થયા પેહેલાં સ્થાપના થઈ છે. આ સર્વ લશ્કરી ટોળાં આ વખત પોતાની મતલબ તરફ તાકતાં હતાં. તેથી જ્યારે અણહિલવાડના રાજ્ય ઊપર અલાઊદીનની ફોજ આવી ત્યારે તેઓથી તેનો જેવો જોઈએ તેવો અટકાવ થઈ શક્યો નહી, અને આ માંહે માંહેના કુસંપનો છેટવ પરિણામ એ થયો કે અણહિલવાડનું રાજ્ય મુસલમાન લોકોએ તાબે કર્યાથી આ દેશના ન્હાના ન્હાના રાજા પોતાની જાતીના, અને ધર્મના હિંદુરાજાના ઊપરી પણાં તળેથી મટી બાહારના અને પોતાના ધર્મના કટા દુશ્મન મુસલમાનોના ધોંસરા તળે આવી ફસ્યા.

અણહિલવાડનું રાજ્ય ડુબ્યાથી અને ત્યાર પછી મુસલમાન બાદશાહાઓના રાજ્યમાં જે કાંઈ વખત અવ્યવસ્થા ચાલી તેથી સોરાષ્ટ્રના રાજાઓએ કાંઈ વખત સ્વતંત્રતા ભોગવી, તોપણ તે વખતમાં હિંદુ તિર્થોનો નાશ કરવાની મતલબથી આ દેશમાં મુસલમાનોએ જે ઉપરા ઉપર હુમલા કર્યા તેથી આ દેશના રાજા ઘડી પણ ચેન્હ કરી બેઠા નથી. તઘલખ વંશના બાદશાહાઓએ સૌરાષ્ટ્રમાં પોતાનો કાયમ અમલ બેસાડવા કાંઈ પ્રથમ પેહેલો પ્રયત્ન કર્યો પણ તેથી કાંઈ તેઓને ઘણું સારૂં ફળ ન થયું. આ વખત તેને બે જોરાવર જમીદાર ગિરનારનો રાજા અને તેના ખંડિયા ગોહેલ સાથે મુકાબલા થયા. ગિરનાર રાજાએ તેની ફોજને હાંકી કહાડી અને પીરમના ગોહલોએ બાહાદુરીથી અટકાવ કર્યો

પ્ર. ૭ મું છતાં તેઓનો રાજા મુવો, અને મોખા તથા પીરમ મુસલમાન લોકોના તાબામાં આવ્યા. તોપણ તેથી કરી કાંઈ તે ભાગમાંથી ગોહેલના રાજ્યની આખેર થઈ નહીં. થોડા વખત પછી મોખરાજીના દીકરા ડુંગરજીએ ઘોઘામાં પોતાનું રાજ્ય પાછું સ્થાપ્યું, અને તેનો નાનો ભાઈ સૌરાષ્ટ્રની બાહેર રાજપીપળાના પાહાડમાં જઈ ત્યાંહાનો રાજા થયો.

ફીરોજ તઘલખના અમીર સમસખાન દમગાનીએ માંગરોળ, દીવ, જેતપોર, ઝીંઝુવાડા, ઓખા વગેરે સ્થળોના જમીદારો સાથે મુકાબલા કરી અને માંગરોળનું સંસ્થાન ખાલસા કરી આ દેશના ઘણા જમીદારો ઉપર તેણે પોતાની વારશીક ખંડણી મુકરર કરી. આથી કરી મુસલમાનોનો પેહેલાં કરતાં આ દેશમાં કાંઈ વધારે અમલ બેઠો તોપણ અમદાવાદના બાદશાહે ગિરનારના રાજાને જીતી એ રાજ્ય ખાલસા કર્યું ત્યાંહાં સુધી તેઓનો આ દેશમાં કાયમ પગ થયો ન હતો.

મુસલમાનોએ દક્ષિણ સૌરાષ્ટ્રમાં ગિરનારનું જુનું હિંદુ રાજ્ય લઈ ત્યાંહાં બાદશાહી થાણું બેસાડ્યું કે ત્યાર પછી થોડીજ વારમાં રાવળ જામની સરદારી તળે સિંધથી જાડેજા લોકોએ આ દેશમાં આવી જેઠવાના મોટા રાજ્યની આખર આણી. જેઠવા લોકો જે ધુમલીનુ રાજ્ય છોડ્યા પછી રાણપોરમાં ગાદી સ્થાપી ઉતર સોરઠમાં કાંઈ નબળો સરખો અમલ ચલાવતા હતા તેમના રાજ્યની આખર થઈ ત્યારે જેઠવા રાણી પોતાના બાળક પુત્ર સહિત સમુદ્ર કીનારે છાંયા નામના ગામમાં મેર રબારી લોકોને આશ્રે જઈ રહી. કાંઈ દહાડે આ જંગલી મેર વિગેરે લોકોની મદદથી કુંવર મોટો થયો ત્યારે તેણે તે ભાગમાં પોતાનુ ન્હાનું સરખુ રાજ્ય સ્થાપ્યું. પછવાડેના વખતમાં એ વંશના પોરબંદરના રાણા એ નામથી પ્રસિધ થયા.

કાઠીલોકો જે વાળા સરદારના ઉપરી પણા તળે લુટફાટ કરતા કાંઈ વખત પાછા પારકરમાં જઈ રહ્યા હતા ત્યાંહાં તેઓને ત્યાંહાના જામ સાથે વેર થયાથી ફરીને તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા, અને સોઢા લોકોના તાબાની થાન વીગેરે જગોએ રહી લુટ ફાટ કરવા લાગ્યા.

આ વખત સુધી સૌરાષ્ટ્રનો પશ્ચિમ ભાગ, જેમ ઉતર દક્ષિણ …

કચ્છ અને ગુજરાતમાંનાં બે મોટાં રાજ્યોમા વેહેચાયલો હતો, તેમ એ બા- બા.૧ લો.
બતો હવે મુસલમાનોના વખતમાં મુસ્તફાબાદ અગર સોરઠ સરકાર, અને નવાનગરનું રાજ્ય એ નામના બે રાજ્યોમાં વિભાગ થયા. પૂર્વ સરહદ નજીકના જમીદારો અમદાવાદની નજદીક હોવાથી બાદશાહે તેઓના ગીરાસ ખાલસા કરી તેઓને ગુજરાન જોગો કાંઈ વાંટો કરી આપ્યો. એ ગીરાસ અમદાવાદ સરકારમાં દાખલ કરી બાદશાહે તેના વીરમગામ, ધોળકા, ધંધુકા, વિગેરે મહાલોમાં વિભાગ કરી ત્યાંહાં બાદશાહી થાણાં બેસાડ્યાં. આ મહાલોના જમીદારો ઘણા ખરાને બાદશાહે વાંઠીઆ કરી નાંખ્યા હતા તોપણ એ ભાગમાં ગોહેલ અને અહિલવાડના વખતથી ચાલતા આવેલા ઝાલા અને વાઘેલા જમીદારો હજી પોતાની મ્હોટાઈ અને દરજ્જો રાખી રહ્યા હતા.

જ્યારથી આ દેશના પ્રાચિન ઈતિહાસ વિશેનું આપણને કાંઈ પણ વૃત્તાંત મળી આવેછે ત્યારથી જોઈએ છૈયે તો જણાયછે કે નિતી અને ધર્મની બાબતમાં આ દેશના લોકો દીન બદીન ઊતરતા ગયાછે. ઘણા જુના વખતનું આ દેશનું વૃત્તાંત કાંઈ રહ્યું નથી તોપણ જુનાગઢની પડોશમાં અને હિંદુસ્થાનના બીજા ભાગોમાં ઈ. સ. પેહેલાંની ત્રીજી સદીના અશોકરાજાના કોતરાવેલા શિલા ઉપર ધર્મ અને નિતી લેખો છે તે ઉપરથી તથા તે વખતના બૌધ અને જૈન ગ્રંથો ઉપરથી જણાય છે કે તે વખત હિંદુઓ નિતિ અને ધર્મની બાબતમાં ઘણા સારા હતા. હિંદુસ્થાનના ઘણા ખરા ભાગમાં તે વખત લોકો બૌધ ધર્મ પાળતા હતા. ધર્મનું ઉપરી પણું રાજાનું હતું. જુદાજુદા ધર્મના આચાર્યો વચે વાદવિવાદ કરાવતાં તેમાંથી જે સારો ધર્મ માલુમ પડતો તેને રાજા તરફથી પુષ્ટી મળતી હતી, અને તે ધર્મનો પ્રસાર કરવા મોટી તજવીજો ચાલતી હતી. અશોક રાજાના વખતમાં બૌધ ધર્મનો પ્રસાર કરવા જેવી તજવીજો થઈ છે તેવી બીજે કોઈ વખતેજ થઈ નથી. બૌધધર્મના સાધુઓએ ઘણા દુરદુરના દેશોમાં જઈ લાખો માણસને પોતાના ધર્મમાં આણ્યાં છે. લેખોમાં જે રાજાએ જાહેર ખબર તરીક પોતાની પ્રજાને ઉપદેશીક ધર્મ અને નિતિસંબંધી આગ્નાઓ કરી છે તે ઉપરથી જણાય છે કે લોકો સુખી અને નિતીવાન થાય તેવું કરવામાં તે વખતના રાજાઓને વિશેષ કા-

પ્ર. ૭ મું. ભ્રષ્ટ હતી. આથી કરી અલબત સારીજ અસર થતી. તે વખતનો એક ગ્રીક મુસાફર પોતાના ગ્રંથમાં હિંદુ લોકોનાં નિતિસંબંધી આચરણો-વિશે ઘણાં વખાણ કરે છે. વળી તે વખતનાં વૃત્તાંતો ઉપરથી જણાય છે કે બૌધધર્મના હિંદુઓમાં જાતિભેદ સંબંધી કાંઈજ વેમ નહતો. તેમ દે-શાટણ કરવામાં પણ તેઓ આજના જેવા બીહીકણ હતા.

આસરે સાતશે આઠશે વર્ષ પછી ચીનનો એક બૌધ સાધુ હિંદુ-સ્થાનમાં તિર્થાટન કરવા આવ્યો હતો. તેણે જે પોતા પ્રવાસ વૃત્તાંતમાં સૌ-રાષ્ટ્રવિશે લખ્યું છે તે ઉપરથી જણાય છે કે તે વખતના લોકો નિતી ધ-ર્મની બાબતમાં જરા ભ્રષ્ટ થવામાંડ્યા હતા. તે સાધુ સૌરાષ્ટ્રના લોકો વિશે નીચે પ્રમાણે ટીકા કરે છે. આ દેશના લોકોની ચાલ ભ્રષ્ટ છે. તે-ઓ ગરમ તબીઅતના અને હલકા સ્વભાવના છે. વિદ્યાને ચાહતા નથી. લોકોનો ધંધો મુખ્ય વ્યાપાર છે. તેઓ આબાદી અને બહોતાજમાં રહે છે. રાજા બૌધ ધર્મનો છે તોપણ પાખંડ (અન્યમત) મતનાં દેવળ આ દેશમાં ઘણાં છે. આ ચિના સાધુના વૃત્તાતમાં જે અન્ય ધર્મના ફેલા-વવિશે કહ્યુ છે તેને બીજી જગોથી પણ પુષ્ટી મળે છે. આ વખત પેહે-લાના વલ્લભિરાજાના તામ્રપટો ઉપરથી જણાય છે કે એ રાજાઓ શિવધ-ર્મ પાળતા હતા. ગુપ્તવંશના રાજાઓના શિલાલેખના મંગળાચરણ-માં વામનજીની સ્તુતિ કરી છે. તે ઉપરથી જણાય છે કે તેઓ વિષ્ણુ ભક્ત હતા. વલ્લભિના છેલા શિલાદીત્ય રાજાએ શ્રીમલ્લવાદી સાધુની સ-લાહથી બૌધ લોકોને હાંકી કહાડી જૈનધર્મ ગૃહણ કર્યો હતો. આ સર્વ દાખલા ઉપરથી જણાય છે કે આ વખત લોકોનું મન એક બૌધધર્મ ઉ-પરથી ખસી જુદાજુદા ધર્મો તરફ ભટકવા માંડ્યું હતું.

અણુહિલવાડના રાજ્યના વખતમાં જૈન અને શિવ એ બને ધર્મ-ને રાજા તરફથી વારાફરતી આશ્રય મળ્યા કરતો હતો. એ રાજાઓ જુદા જુદા મતના આચાર્યો વચે વાદ વિવાદ કરાવી તેમાંથી જે સારો ધર્મ મા-લુમ પડતો તે પોતે ગ્રહણ કરી બીજા મતવાળાઓને પોતાના રાજ્યમાંથી હાંકી કહાડતા હતા. આ વખત સુધી વિદ્વાનોને પણ રાજ્ય તરફથી સા-રો આશ્રય મળતો. હિંદુધર્મના તિર્થોમાં રાજા મ્હોટા અધિકારિઓ રાખી તેમાં લાખો રૂપીઆ ખરચતા હતા. ઐંગ્રેજનું રાજ્ય સ્થાપ્યા [illegible]

[illegible] ૫-
[illegible] રાવવામાં ખરચ્યા હતા. કુ-
[illegible]પોતાના મ્હોટા વિશ્વાસુને દેવ-
[illegible] પોતાની મોહોર, અને પોતા તરફ-
[illegible] આ[illegible]આર આપી મોકલ્યો હતો. હિંદુ દેવળોમાં મોટાં રાજ્યો
[illegible] એ દેખાડવામાટે મુસલમાન તવારિખવાળા જે સોમ-
[illegible]ન આપે છે તેજ બસછે. હિંદુધર્મને રાજ્યનો હ૭
[illegible] છતાં રાજાઓ અજ્ઞાન હોવાથી તેઓને ખરું ઓ-
[illegible] ખબર ન હતી. જે વખત જે ધર્મના મંત્રિ અને
[illegible] તે વખત તે ધર્મને આશ્રય મળતો અને અન્ય ધર્મના
[illegible] ઉપર તે વખત જુલમ ગુજરતો હતો. આ વખત સ્ત્રીઓ
[illegible] મ્હોટાઈ વાદ, અને એવાંજ બીજાં હલકાં કારણોથી રાજાઓમાં
[illegible] તરફથી જેમ કુસંપની વૃદ્ધિ થવા માંડી હતી. તેમ બીજીતરફથી તેનો
લાભ લેવા તેમના કટા દુશમન મુસલમાન લોકો તાકી રહ્યા હતા.

અણહિલવાડનુ રાજ્ય તુટિ મુસલમાન રાજ્ય થયું કે પછી હિંદુ ધર્મ ઊપર કોઈ રાજ્યનું ઊપરી પણું રહ્યું નહીં. વિદ્વાનોને આશ્રય તુટી ગયો. નાના નાના રાજાઓ તો આવખત મુસલમાનના હુમલાથી પોતાનું રક્ષણ કરવામાં ગીરફતાર હતા. વળી આવી અવ્યવસ્થાને વખત ખેતીવાડી કમ થવાથી અને લશ્કરી ખર્ચ વધી પડ્યાથી ખજાના પણ ભરપુર નહતા. તેથી તેઓ આ બાબત ઊપર ધ્યાન આપવા અશક્ત હતા એટલુંજ નહીં પણ તેઓ પંડેજ અભણ રેહેવા મંડ્યા હતા, એટલે આવાં કામની ખુબી તેઓ શું સમજે ! આથી કરી વિદ્યાનું જોર ઘણું ઘટી ગયુ. લોકોની અજ્ઞાનતા વધી. આ વખત સુધી જે પાખંડ મતોને અણહિલવાડના રાજ્ય તરફથી પણ અટકાવ થતો હતો તે સર્વ હવે દુકાનદારોની પેઠે ભોળા લોકોને પોતપોતાનાં ધર્મ સમઝાવી પોતાનાં કાર્ય સાધવા લાગ્યા. લોકોમાં ઘણા પંથોએ ઘર કર્યાં. જાતિ ભેદનું જોર વધી પડ્યું. આ રીતે ઘણી જ્ઞાતિ અને ઘણા ધર્મમાં લોકોનાં નાહાનાં નાહાનાં અને એક બીજાથી વિરુધ મત અને વિચારનાં ટોળાં થઈ ગઆથી હિંદુપણાનું અભિમાન સાવ જતું રહ્યું. સ્વા[illegible] અને સ્વાર્થી થઆ. ટુંકામાં,

પ્ર. ૭ મું. છેક અશોક રાજાના વખતથી તે મુસલમાનોના રાજ્યના વખત સુધી જોઈએછ તો સદગુણની બાબતમાં આપણા દેશના લોકો દીન બદીન ઊતરતાજ ગયા છે. જુઓ અણહિલ વાડના રાજ્ય વખતની રીતભાત અને ધર્મનિતી જ્યારે મુસલમાન રાજ્યના વખતની રીત રેવાજ અને ધર્મનિતી સાથે સરખાવીયેછ ત્યારે તેમાંજ કેવો જુદારો માલુમ પડેછે.

અણહિલવાડના રાજ્યનો વખત પણ સદગુણની બાબતમાં પડતીનો વખત હોવાથી તે વખત લોકોમાં ઊંચા પ્રકારની નીતિનું જોર કમ થઈ ગયું હતું, તોપણ સર્ણાગત ધર્મ, સુરવીતા, ક્ષમા, નિમકહલાલી, રૈયતનું પ્રતિપાલન આદિ ગુણ, વિદ્યાકળા, અને તેવખતની સ્ત્રીઓની છુટ મુસલમાન રાજ્યના વખત કરતાં ઘણે દરજ્જે વિશેષ હતી

અણહિલવાડના રાજાઓ વિષે જસ્ટીસ ફાર્બસ લખેછે કે તેને મુખ્ય ત્રણ મતલબ હતી. પોતાની રૈયતને પરદેશીના હુમલાથી બચાવવી, પોતાના અંદરના રાજ્યકારભારમાં વ્યવસ્થા રાખવી અને આસપાસ રાજાઓને નમાવી તાબે રાખવા. અણહિલવાડના ખંડિઆ રાજા તેવખત મંડલેસર, એ ખીતાબથી ઓળખાતા હતા. કેટલાએક તાબેદાર પણ જોરાવર અને જુદા રાજ્યના ધણી, જેમકે આબુનો રાજા, ગિરનારનો રાજા અને કોકણનો મલીકારજુન એ મંડલીક એ ખીતાબથી ઓળખાતા. મંડલેશ્વરો પણ પોતાના તાબાની રૈયત સાથે કુટંબના વડા અગર બાપ તરીક વર્તતા. કાઠિયાવાડના લોકોનો અસલથીજ ચાલતો આવેલો પોતાના રાજા સાથેનો આવો પ્યાર ભરેલો સંબંધ અદ્યાપી કેટલાંએક નાના રાજ્યોમાં ને મુખ્ય કરી કાઠી સંસ્થાનોમાંથી હજી સાવ નાબુદ થયો નથી. આ દેશના લોકો રાજાને આજપણ ધંડરો અગર વૃદ્ધ કરી કહેછે. વાતચીતમાં તેને બાપુ અગર આપા કરી બોલાવેછે. ધંડરો પોતાની રૈયતને બેટાબેટી તરીક ગણેછે. જ્યારે છોકરી પેઠે રૈયત રીસાઈ બીજે ગામ જવાનું કરેછે ત્યારે રાજા તેનું મનામણું કરેછે. જુના વખતમાં કોઈ રાજાને કોઈ જોરાવર રાજાની ખાતરી કરવા માટે કોઈ માણસ ઓળમાં આપવા જરૂર પડતી તો તે રૈયતને અગર પોતાના કુંવરને આપતા. મતલબ તે બને તેને સમાન હતાં. રૈયતની વહુ દીકરીમાં જો આર કે નાં રાજા સામી મગેછે તો તેઓએ પોતાના સગરા

...ણુ દીકરી હોયછે તો તે બેધડક ખુલ્લે ભા.૧ લો.
... મર્ણમાં રૈયત પોતાના ...બની પૈ
કરવાં અને મરે ત્યારે સર્વે જણું માથે
... સાલ આ દેશમાં અદ્યાપી સુધીછે.
...જય રાજાની ભ્રષ્ટ ચાલથી ખ્યારને બ-
... તોપણુ તેનો અસલ દેખાવ ઘણોજ

... અસલથી આ દેશમાં વિશેષ કરી જોવામાં આ-
વેછે. શરણે આવેલાને હરેક સંકટ અને જોખમ સહન કરીને પણ બ-
ચાવવો એ આ દેશના રાજા અસલથીજ પોતાની પવિત્ર ફરજ સમજે
છે. માણસ તો શું પણ ગસલાજેવા પશુ સારૂ પણ ચબાડ લોકોના આ
શ્રિત સોઢા પરમારે અને ચુડાસમાના આશ્રિત ગોહેલાએ પોતાના ઉ-
પરીઓ સામા કેવા મુકાબલા કર્યા હતા. જટ લોકોને બચાવવા મુળી-
ના પરમારોએ પોતાને માથે મં ડું વેર લીધુ હતું. ઓખાના રાજાએ બાદ-
શાહી વેરનુ જોખમ સહન કરી મુજફરને ન સોંપ્યો ને કચ્છના રાજાએ
ડ થી અને લાલચથી તેને બાદશાહી કાંપમાં સોંપી દીધો તેથી આ દેશ-
ના ભાટ કચ્છના રાજાની ઘણી નીંદા કરેછે, ને ઓખાના રાજાનાં વ-
ખાણ કરેછે. હર કોઈ બારવટીઓ કીંવા અપરાધી હજારો ગુન્હા કરીને
પણ પોતાના રાજાના પગમાં હથીયાર મુકી આવી નમતો તો તેને ક્ષમા
માપ્યા વગર રેહેતીજ નહીં. ટેક સારૂ પણ આ દેશના રાજાઓએ મોટાં
મોટાં વેર માથે લીધાં છે. નોંધણું કેટલી એક વાત સારૂ પ્રતીગ્નાઓ લી-
ધી હતી તેમાંની એક પણ ત્યારે તેનાથી પાર નપડી અને આખરનો દી-
વસ આવી પહોચ્યો ત્યારે તે કામ પાર પાડવા તેણે પોતાના છોકરાઓને
ભલામણ કરી હતી. તેઓમાંના ખેંગારે એ સારૂ કરી સિધરાજ સાથે
મ્હોટું વેર ઊભું કર્યું હતું. કેશર મકવાણાને પણ સિંધના સુમરા રાજા
સાથે એવાજ કારણથી વેર થયું હતું.

સર્ણાગત ધર્મ, ક્ષમા, અને ટેક એ સર્વ ગુણ કેટલીક હદ સુધી ઘ-
ણા સારા છે. પણ તે હદપાર વધી ગયા તો, ઉલટા નુકસાન કારક થઈ

પ્ર. ૭ મું. પડેછે. આ દેશના રાજાઓમાં એ સર્વ હદ પાર ગયેલા જોવામાં આવે છે.

સુરવીરતાની બાબતમાં પેહેલાંના રાજપુત ઘણાજ સારા હતા. એ વખતના રાજાઓનાં લશ્કરમાંથી કોઈ ભાગી આવતો તો તેને સજા કરવાનો કાંઈ પણ સખ્ત ધારો ન હોવાથી ઘણીવાર લશ્કરમાં ભગાણ થતાં તો ભીલ અને અન્ય જાતીના કાંઠીઆઓમાં થતાં પણ રાજપુતનો ધીકરો ભાગી આવવામાં કે દુશમન સામો પાછો પગ ભરવામાં મોટી ગેરત ગણતો હતો. આવી રીતે કોઈ પણ રાજપુત લાજ ખોઈ ભાગી આવતો તો તેનાથી હુંચું મ્હોકરી પોતાના જાતભાઈઓમાં ચોરા ઉપર બેશી સકાતું નહી. એટલુંજ નહીં પણ તેના ઘરનાં બૈરાં પણ તેને જે મેંણાં દેતાં તે તેવખત મોત કરતાં પણ તે અધીક ગણતો. આવી ગેરઆબરૂને બદલે રાજપુતનો ધીકરો મરવું એ વધારે સારૂં માનતો હતો. યુદ્ધમાં જય કરી આવ્યાથી જેમ તેને આ લોકોમાં કીર્તિની આશા હતી, તેમ એ પણ તેને વિશ્વાસ હતો કે યુદ્ધમાં મરીશ તો સ્વર્ગ મળશે. જો કોઈ લડાઈમાં મરતો તેનો રાજા તરફથી જાહેર જગોએ પાવળીઓ ઉભો કરી તેનાં બઈરાં છોકરાંનાં પોષણ માટે અમક જમીન અગર ગીરાસ આપતા હતા.

રાજા જ્યારે યુદ્ધમાં ચડતા [illegible] ત આપવા ખાતર અગર કુતેહ સી એવી તેઓને [illegible] કામ માટે અમને અમુક દેવે આ સવારી કરવા આગ્ના આપીછે એવી તેઓ લશ્કરના લોકોમાં વાતો ચલાવતા હતા. મુળ રાજ જ્યારે ગ્રહરિપુ ઉપર ગયો ત્યારે તેણે કહ્યું હતું કે આ સવારી કરવા હુંને સોમેશ્વર મહાદેવે સ્વપ્નમાં આવી ભળામણ કરીછે. જામ રાવળે કહ્યું હતું કે આશાપુરી માતાએ હુંને સ્વપ્નમાં આવી કહ્યુંછે કે તેં મારા સોજન [illegible]

[illegible] મનમાં આશા રાખવી નહીં, પણ [illegible]

કાંઠે લોકોવિષે તેઓના ભાર [illegible]

ને ખુશી થતા ભા.૧લો.
અને સ્ત્રી પાસે
ને બદલે માને

[illegible], વસ્તુપાલ, તેજપાલ, અ-
પીતાજ હતા. અણુહિલવાડ રાજા
વગર બીજા કોઈને નોકરી બદલે
ની પગાર મળતા. લશ-
ર્ઈ નહતું. વાણીઆ લો-
[illegible] વાર લશકરના ઉપરી તરીક
ા. તેઓમાં સુરવિરતાનો જોસ રાજપુતો જેવો નહતો તો-
શલ્યમાં અને સમાધાન રાખવામાં તેઓ વધારે બુદ્ધીવાન
ગણાતા. વણરાજનો દોસ્ત ચાંપો, અને તેનો દીકરો સજ્જન, જયસિંહ-
નો નોકર મુંજલ, કુમારપાળના વખતનો ઉદાયન અને વિરધ્વલના વખ-
તના વસ્તુપાલ અને તેજપાલ સર્વ વાણીયા જાતીના હતા.

ભીમ દેવનો વાણીઓ મંત્રિ વિમળશાહ રાજાના ગુસ્સાહથી બીહી આબુના રાજાને ત્યાહાં જઈ રહ્યો હતો તેવામાં જ્યારે માળવાના રાજા-એ ગુજરાતમાં સ્વારી કરી ત્યારે ભીમદેવે એ સમય સુચક અને બુદ્ધિવાન મંત્રીને બોલાવવા પોતાના મંત્રિને ચંદ્રાવતી નગરી મોકલ્યો હતો. વિરધ્વલના બે મંત્રિઓમાં વસ્તુપાલ જેમ રાજ્ય કૌશલ્યમાં ઘણો પ્રવિણ હતો, તેમ તેજપાલ યુદ્ધના કામમાં સારો હતો. તેજપાલને વાઘેલા રાજાયે જ્યારે સેનાધીપતીની પદવી સોંપી ત્યારે તે કોઈ પણ રીતે નાલાયક નીવડ્યો નહતો.

હિંદુ રાજાઓની દરબારમાં અસલથીજ ભાટચારણ લોકોનું ઘ-
[illegible] ચારણ સ્ત્રીઓ-
ીઓને તેઓ
[illegible]ધાર, મામેર્યાં,
[illegible] [illegible]ના સાંભળવા મુજબ તા-

પ્ર. • મુ. માચા બેહચરા માતા એ મુળમાં ચારણ સ્ત્રીઓની પુજા છે. તેને રાજપુતો પાડા બકરાં વગેરે ચડાવેછે, અને તેમના પુજારી જુવા લોકો પુણીજે દેવીઓના ઈરાદા સમઝાવેછે તેને તેઓ ઘણું માને છે. ભાટ ચારણના શરીરને રાજપુત લોકો ઘણું પવિત્ર ગણેછે. લડાઈને વખત સામસામા પક્ષના સર્વેમા જઈ જવાનું અને વષ્ટિનું કામ હમેશાં તે લોકો ચલાવેછે. તેમના શરીરને ઈજા કરવામાં બને પક્ષના રાજપુતલોકો મ્હોટું પાપ અને ગેર આબરૂ સમજેછે. છેક હમણાના વખતસુધી દસ્તાવેજ અથવા કોઈ પણ જાતનો કરાર પળાવવામાટે રાજાઓ ભાટ ચારણને જમાન આપતા હતા.

રાસમાળામાં જસ્ટીસ ફારબસ કહેછે કે રાજા જ્યારે પોતાના ટીલાત કુવરની સાથે પોતાના સામતો વચે સભામાં બીરાજતો તેવખત વાણીયા મંત્રેશ્વરો લખતા વીગેરે રાજ્ય કામ ચલાવતા. જૈન અમર બ્રાહ્મણ પંડીતો પોતાના ગ્રંથોમાંથી શાસ્ત્રના મત સમઝાવી મોટી તકરારનાં સમાધાન કરતા. ઘણી વખતે તો કેટલીએક કઠણ તકરારોનો ખુલાસો જ્યારે કોઈ કરી ન શકતું ત્યારે ડાહી નાયકાઓ આવી કરતી. ભાટ લોકો જેઓ અર્ધા લડવૈયા ગણાતા હતા અને જેઓની દેશ પરદેશમાં ફર્યાથી વાકેફગારી વિશેષ હતી તેઓ સભામાં બેશી ભારથ અને રામાયણની વાતો સંભળાવતા અને કોઈ કોઈવાર પરદેશની ખુબ સુરત કન્યાઓનાં હદપાર વખાણ કરી રાજાનું મન તે તરફ ખેંચી નવાકજીઆ અને લડાઈયો ઉભીકરતા. દરેક રાજ્યમાં ભાટ લોકોનું ઘણુંજ માન હતું. જનાનખાનામાં જવાની પણ તેઓને છુટ હતી. લડાઈને વખત તેઓ યુદ્ધમાં સાથે જતા અને સુરવીરતાના ગીતગાઈ લડવૈયાઓને સુરાતન ચડાવતા હતા.

ભાટ લોકોને મ્હોડેથી હરકોઈ દેશની ખુબ સુરત સ્ત્રી વિષે રાજા સાંભળતા કે તુરત તેનું તેને પોતાના જનાનખાનામાં દાખલ કરવા મન થતું. તે મતલબ પાર પડ્યા સુધી તેહેને ચેહેન પડતે નહિ [illegible] વખતના રાજા પોતાનો બધો વખત કાંઈ જનાન[illegible]

તા. રાત્રીએ તેઓ એકલા હાથમાં તરવાર લઈ [illegible]

નિકળતા. [illegible] તેઓ પોતાસાથે એક પાણીની ઝારી [illegible]

[illegible] બા ૧લો.

[illegible]

[illegible] રાત-

[illegible] મહતારે જ્યારે

[illegible] માનતા કે તેતો

[illegible] નામને સ્વર્ગે ના-

ને એક વાણીયાની જોડે જ-

[illegible] ઉતારનાર આ પાટણ રા-

[illegible] થતો, તેના હાથમાંથી

[illegible] રાજાયે તેને સભામાં તે [illegible]-

[illegible] ઉપર બેઠેલો જો-

[illegible] તેમ તે રાજ્ય

કામમાં [illegible] [illegible] આપવા હમેશાં તતપર રહેતી. રાવમાળ [illegible] સ્વયંવર મંડપમાં જેમ તે બધા રાજાઓમાંથી [illegible] કરતી જેવામાં આવતી, તેમ બળ શાળામાં તે પોતાના સ્વામિની જોડે રતીની પેઠે સોભતી. માનવતી મા ના તરીક બાળપણમાં તે પોતાના [illegible] સંસ્કારમાં [illegible] આપતી અને મ્હોટપણે મારા [illegible] પો-તાવાદે ઘણીવાર ઘ[illegible] પતિ મરતો ત્યારે તે એક [illegible] જ્યારે તે પોતાની જોસ ભરેલી આંખોથી પોતાના સ્વામિનુ મખ ખોળામાં લઈ ચિ-તા ઉપર ચહડતી, તે વખત જે શિંગડાના ભયંકર નાદ અને વેમી લોકોના શાબાસીયારાથી તેના કોમળ કાનોઉપર અસરથતી અને જરા પછી ચીતામાંથી ભડકો ઉઠી જ્યારે કાળા ધુમાડાનો ગોટ આકાશમાં ફેલાઈ જતો, તે વખત જાણે એમજ લાગતું હોય નહીં કે આ કાળો ધુમાડો સ્વર્ગથી લોકોના આ નીચેના ગુન્હાઓને છુપાડે છે. પતિવ્રતા ધર્મથી પોતાના સ્વામિના મરણ પછી કોઈ બીજા જુલમગારના હાથમાં જવા કરતાં સારૂ હેવી અ-ને રાણજી ગોહેલની સ્ત્રીની પેઠે આવી રીતે પ્રાણ ત્યાગ કરવો એ

પ્ર. ૭ મુ. કેટલી એક રીતે જુના વખતમાં સારૂં ગણાતું હતું. પણ પછી તો ક્રમે સિરસ્તા સારૂજ પોતાના પતી વાંસે પરાણે બળી મરવું એ ચાલ ઘણોજ ધીક્કાર પાત્ર અને કમકમાટ ભરેલો હતો. પ્રથમ હળવદની સર્વ સોગ-ણો પોતાના પતિ સાથે સતી થતી. આંહી તેઓને તેમ કરવાની કાંઇ ઉપ-ર કહ્યા મુજબ જરૂર નહતી.

જુના વખતના લોકોમાં સુકન વિશે પણ અવી આસ્થા હતી રૂપ સુંદરી પોતાના મેહેલમાં બેઠી પોતાના પતિજયશિખરને વારંવાર કેહેવરાવ-તી કે સારાં સુકન જોયા વગર રણમાં પધારતા નહીં. રાણકદેવડી પોતાના-મેહેલ આગળ ત્યારે ઉતરી ત્યારે મેહેલમાં પેસતાં તેને ઠોકર વાગીલો-હી નીકળ્યું. તે વખત તેણીએ નીસાસો મુકી પોતાની સાથે ખેંગારનો ભાણેજ હતો તેને કહ્યું ભાઈ સુકન અતિ માઠાં થયાં. સુકનને વેંમે ગારી-યાધારવાળા બેશી રહ્યા અને ઉમરાળાવાળા સિહોરના ધણી થઈ પડ્યા. આજ પણ હજી કાંઠીઆ લોકોમાં સુકનવિશે થોડી આસ્થા નથી. હ-રેક બારવટીઓ પોતાની સાથેના સુકનાવળી લોકોની સલાહથી બહાઈ કજીઆ અગર લુટના ફેરા કરે છે.

આ સર્વ ઉપરથી જણાશે કે જુના વખતના હિંદુ રાજાઓમાં કેટ-લાએક વેહેમોની સાથે કેટલા એક ઘણા સારા ધારા હતા. અને લોકો પણ આજ કરતાં વધારે સદગુણી હતા. તે સર્વમાં ઘટારો થઈ દીનબદી-ન જેમ વેંમનું અને બીહકણા સ્વાભાવનું જોર વધતું ગયું તેમ તેનીસાથે કેટલાએક ખરાબ રસમો દાખલ થયા તેનું મુખ્ય કારણ મુસલમાન લોકોનું રાજ્ય હતું. આ વખતમાં હિંદુઓએ જુલમ વગર બીજું કાંઈ જોયુંજ નથી. હિંદુ ધર્મના મુસલમાન લોકો કટા દુશમન હતા. મુસલ-માન રાજ્યમાં હિંદુઓ ઉપર જે જુલમ થયો છે તે વિશે મિરાતે એહેમ-દીનો કરતા કેટલોએક સારો એહવાલ આપે છે. તે લખે છે કે સુલતાન અહમદ ગુજરાતીના વખતમાં બધા જમીંદારોએ બળવો અને તોફાન ઉઠાવ્યું હતું. માટે તેઓને બાદશાહે શજા કરી તેઓના રાજ્યમાંથી હાંકી કાઢ્યા અને તેની અવજી દેશમાં બાદશાહી થાણાં બેસાડ્યાં. જમીંદારો પોતાનો સર્વ ગીરાસ ગયો જોઈ નીરાશ થયાને ટોળેટોળાં મળી રસ્તાઓ-માં અને પરગણાંમાં લુટફાટ કરવા લાગા. અવ્યવસ્થા વધી પડી, બે-

થવા લાગી. બાદશાહી અ- ભા.૧ લો
ઈથી વિચાર આપવાનું હતું
મતલબથી જમીદારો હવે
[illegible] તેઓને પાછા તેડાવ્યા.
[illegible] માટે આપી,
[illegible] ભાગ આ-
[illegible] તલબપદની જમી-
[illegible] પાશથી પોતાના ગામની
[illegible] ગામઓથી હાજર થવા
[illegible] બીજો ઈલા-
[illegible] હજુરમાં સલા-
[illegible] તરફ પોતાના ગીરા
[illegible]મીની બાબત આપવાનાં દસ્તાવે
જમીદારો વટલી મુસલમાનો થયા તેથી
[illegible] બાદશાહે તેઓનો ગીરાસ તેઓને સુવાંગ
[illegible] અને તેઓ પાશેથી [illegible] પેશકશી લેવાનો ઠરાવ થયો.
એ ઠરાવની સાથે તેઓ પાશેથી પણ પોતાનાં ગામોની ચોકી ચાકરી ક-
રવી અને જરૂર પડે બાદશાહી નોકરીમાં હાજર થવું એ મતલબનાં દસ્તા
વેજો લેવાયાં. કેટલાએક જમીદારો કે જેઓને બાદશાહી ફોજ હજી જીતી
શકી નહતી તેઓ પાશેથી પણ મુસલમાન જમીદારોની પેઠે પેશકશી લેવા
ઠરાવ થયો. આ રીતે મુલકમાં સલામી અને પેશકશીની બાબતો દા-
[illegible] તવારિખો ઉપરથી જણાય છે કે આ બાબતો
જોરાવર લશકર લઈ ગયા વગર વશુલ થઈ શકી
[illegible] જમીદારોના મુલ-
કમાં [illegible]

[illegible] વિશેનું કેટલું
એક [illegible] કહાણીઓ અને વારતા-
ઓમાં [illegible] રાજપુતોએ ગીરાસસારૂ
[illegible] જુની ટેક સુધી પોતાની

પ્ર. ૭ મું. દીકરીઓ બાદશાહને પરણાવી. કેટલાએક કાયર થઈ ખેતીવાડીને ધંધે વળગ્યા. પણ કેટલાએક કે જેના મગજમાં હજી જુનો રાજપુતપણાનો પવન ઘુમતો હતો તેઓથી જ્યારે આમાનું કાંઈ અપમાન સહી શકાયું નહીં ત્યારે તેઓએ ઘરબાર મુકી પહાડ અને જંગલમાં જઈ નિવાસ કર્યો. અને પૃથ્વિનું પાથરણું અને શમશેરનું શરાણું કરી કેટલાએક વર્ષોનાં વર્ષો રતી જગા કરી પોતાના જુલમગાર સાથે વેર જારી રાખ્યું. તેમાંથી કેટલાએક કાયર થઈ પોતાના ગીરાસમાંથી થોડું લેવું કબુલ કરી ઘેર આવ્યા પણ જેઓએ એટલાની પણ પરવા ન રાખી તો છેવટ જ્યારે તેમના જુલમગારોની આખર થઈ અકબરશાહ જેવા સારા રાજાનો અમલ થયો ત્યારે તેઓને પોતાના સુવાંગ રાજ્ય પાછાં મળ્યાં.

ઘણુંકરી આ જુલુમનાજ વખતમાં હિંદુઓમાં કેટલાએક ખરાબ રશમો દાખલ થયા છે. આ વખતથી સ્ત્રીઓની સ્વયંવરમાં જાહેરાતમાં આવી ભેળા થએલા ઉમેદવારોમાંથી પોતાના પ્યારાને પસંદ કરવાની સ્વતંત્રતા જતી રહી. અને ઓઝલના પડદામાં અને લાજના ઘુમટામાં આખું શરીર છુપાડી તેઓને છેક ખુણે બેશી રેવાની ફરજ પડી. તેથી કરી તેઓની અજ્ઞાનતા વધી અને હજારો વેમોએ તેઓના હૃદય ઉપર મજબુત ઘર કીધું. તેમના હાથ તળે ઊછરેલાં બચ્ચાંના કોમળ હૃદય ઊપર પણ તેમના વેહેમો સ્વાભાવિકપણે અસર કરવા લાગ્યા. આ વખતથી હિંદુઓનો જુનો સુરવીરતાનો જોસ જતો રહ્યો. તેઓમાં બીકણ અને સ્વાર્થી સ્વભાવ વધતો ગયો. દેશાટન ફરવાનો ચાલ બંધ પડ્યો. જાતીભેદ અને બીજા ધર્મ સંબંધી શખ્ત અને વહેમ ભરેલા ધારાઓએ તેઓમાં મજબુત મુળ નાખ્યાં. ટુંકામાં તેઓ છેવટ ઘણીજ દયા આણવા જોગ હાલતમાં આવી પડ્યા.

જુના વખતમાં સૌરાષ્ટ્રના લોકો કળા કૌશલ્યમાં કેવા હતા તે વિ- [illegible] પણ અમુક ગ્રંથ ન હોવાથી કાંઈ કહી શકાતું નથી [illegible] તેઓ ઘણાજ સારા હતા તેનાં પ્રમાણુ તરીક સૌ- રાષ્ટ્રના [illegible] પાટણ વિગેરે સ્થળે [illegible] ના ઘણા [illegible] આ દેશના પ્રાચીન [illegible] સારા [illegible]

[illegible] વ્યાપારની બાબતમાં ઘણા ભા.૧ લો.
[illegible] ચીનો મુસાફર પોતાના પ્-
[illegible] છે. જુના વખતમાં દેવ પા-
[illegible] હતા એમ જૈન ગ્રંથો ઉ-
[illegible] રાજાના વખતમાં ઘોઘા,
[illegible] શમાં મુખ્ય હતાં. તારથી
[illegible] આવ્યા ત્યારે કાંઈ મુદત [illegible] હતા. આ વખત આ દેશનો આવક જાવકનો વ્યાપાર [illegible] વ્યાપારીઓના હાથમાં હતો. પંદરમી સદીથી આ દેશના કીનારામાં અને સમુદ્રમાં પોર્ટુગીઝ લોકો જોરાવર થઈ પડયા. એ લોકો પોતાની સમુદ્ર સંબંધી ઘણી સારી વાકફગારીને લીધે આ દેશના ચાંચીઆ લુટારાઓને પોંહોચી શકે એવા હતા. ચાંચીઆ લોકો તે વખત સમુદ્ર વાટે પ્રવાસ કરનારાઓને મ્હોટું ભય ગણાતા હતા. પોર્ટુગીઝ લોકો પ્રથમ સૌરાષ્ટ્રમાં વ્યાપાર અર્થે દિવ બંદરમાં આવી અમદાવાદના બાદશાહી અમલદારની પરવાનગીથી કોઠી બાંધી રહ્યા. પછવાડેથી તેઓએ કીલ્લો બાંધવાનો મનસુબો કર્યાથી બાદશાહી ફોજે તેઓને ત્યાંહાંથી હાંકી કાઢયા. બાદશાહી નેવીએ તેઓની પછવાડે છેક મુંબઈ અને માહીમના ટાપુ નજદીક જઈ મુકાબલા કર્યા હતા. તો પણ પોર્ટુગીઝ લોકોએ દિવનો સંબંધ મુકયો નહીં. બાહાદુર શાહે તેઓને કાહાડવા કેટલાએક નિશ્ફળ પ્રયત્ન કર્યા તેમાં આખર એ બાદશાહનું મોત થયું. બાદશાહે આ વખત પોતાની દરીયાઈ ફોજમાં ડંડારાજપુરના સીદીઓને એ કામમાટે સારા વાકફગાર જાણી રાખ્યા હતા. તેઓએ આ કીનારા ઉપર જફરાબાદમાં પોતાનો અમલ બેસાડયો.

બાહાદુરશાહના મરણ પછી દીવબંદર પોર્ટુગીઝ લોકોના તાબામાં આવ્યું તે ફરીને તેઓએ છોડયુંજ નહીં. અકબરશાહ જેવા શક્તીવાન બાદશાહના સુબેદાર મીરજા અજીજ કોકાને પણ મકે જતી વખત પોર્ટુગીઝ લોકો પાસેથી સમુદ્રમાં ફરવાનું લાઈસેન્સ (પરવાનગી) લેવું પડયું હતું. આ દેશના દરીઆ કીનારાના જમીદારો પોતાના વાહાણોની સલામતીને અર્થે પોર્ટુગીઝ લોકોને દરસાલ પૈસાની બાબત આ-

પતા હતા. પોર્ટુગીસ લોકોના વખતથી દીવ આ દેશના વ્યાપાર માટે
ધુ. મુખ્ય બંદર થઈ પડ્યું. આ વખતથી દીવના વ્યાપારી ઘણાજ પૈસાદાર
થયા. આજપણ આ દેશના લોકો દીવના વ્યાપારીની જુની સમૃદ્ધિનાં ઘણાં વખાણ કરેછે. આ દેશમાં જાવકના વ્યાપારમાં મુખ્ય કરી આ દેશની ખેતીવાડીની ચીજોહતી. આ દેશની આબાદી વિશે. મીરાતે સીકંદરીનો કરતા ઘણાં વખાણ કરેછે. આવકના વ્યાપારમાં પોર્ટુગીસ અને આરબ લોકો પોતાના અને પોતાની પડોશના દેશોની ચીજો લાવી દીવ વીગેરે બંદરોની બજારમાં વેંચતા હતા. આ દેશના કીનારાના વાણીઆ વેપારીઓ પણ પશ્ચિમ તરફ છેક અરબસ્તાન અને આફ્રીકાના બંદરો અને પૂર્વ તરફ જાવાના ટાપુ સુધી વ્યાપાર અર્થે વાંહાણ માર્ગે જઈ ત્યાંહાં પોતાની જીંદગીનો ઘણો વખત ગુજારી મોહોટી દોલત મેળવી આવતા હતા.

ભાગ ૧ લો સમાપ્ત.

[illegible] બનાવોના વખતનું

[illegible]

[illegible]

[illegible]	[illegible]
[illegible]ના [illegible]	૧૯૫
[illegible]	૭૮ થી ૩૧૬
[illegible]ઓનો [illegible]માં અમલ	
વલ્લભિ નગરના રાજા (તામ્રપટ ઉપરથી).	આશરે – ૩૭૮ થી ૪૨૩
શિલ્લાદિત્ય . . ([illegible] મહાત્મ્ય ઉપરથી)	૪૨૦
વલ્લભિના રાજ[illegible]	આશરે ૭૦૦
ઘુમલીનો પાયો . . .	,,
પ્રભાસમાંથી [illegible] . . .	,,
[illegible]માં વાળા [illegible] . .	,,
અણહિલવાડ [illegible]	૭૪૬
સોલંકી વંશની આકૃતિ [illegible] સ્થાપના	[illegible]
વંથલીના રાહરીપુ અને લાખાનું મોત (આટકોટના પાળીયા ઉપરથી) . . .	[illegible]
નોંઘણ પેહેલો ગાદી નશીન થયો . . (રાણીમગા લોકોના ચોપડામાંથી) . . .	૯૯૨
મહમુદ ગિઝનવીની સોમનાથ ઉપર સવારી . . .	૧૦૩૦
ઝાલાઓની પાટડીમાં સ્થાપના	અગ્યારમી સદીની આખરમાં

.. { બારમા સદીના પ્રારંભમાં }

... . ૧૧૮૦

...ના. આશરે ૧૨૦૦

કુતબદીને અણહિલવાડ લીધુ ૧૨૦૫

માગરોળમાં ભાણ જેઠવે કન્યાદાન દીધાં ૧૨૦૮

અણહિલવાડના છેલા સોલકી રાજા ભીમનું મોત ૧૨૧૫

વિરધવલ વાઘેલો અને વસ્તુપાલ તેજપાળ .. ..

પરમારોની મુળીમાં સ્થાપના .. ..

અરજુન દેવ વાઘેલો .. (પ્રભાસના લેખમાંથી) ૧૨૬૪

સારંગદેવ .. .. .. (આબુના લેખમાંથી) ૧૨૯૪

અણહિલવાડના હિંદુ રાજ્યની આખર ૧૨૯૬

મેદ લોકોએ માંગરોળ લીધું ૧૩૧૬

વલાના વાળાના રાજ્યની આખર .. ..

મહમદ તઘલખની પારમ અને જુનાગઢ ઉપર સવારી .. ..

કાઠીઓનું પ્રથમ પહેલું પાવરથી આવવું .. ..

... અને જેઠવાની રાણપરમાં સ્થાપના .. .. ..

... અને વેગડાનું સોમનાથના રક્ષણમાં મોત. .. ..

... પાવરથી બીજીવાર આવવું. .. ..

... સવારી .. .. ..

... (... ઉપર સવારી

... આવ્યા. ..

... સ્થાપના.

વધારો નંબર ૨ જો.

વંશાવળીઓ ઈ.સ. ૧૬૦૦ સુધી

વાળા રાજપુત.

વાળાઓની હુંને બે વંશાવળી મળીછે. એક રાજેશ્રી મેઘળજી બુચની મોકલેલી મજમુદાર મણીશંકર પાસેથી અને બીજી જસવણ તાબાના ભાટ પબા ગોવીંદ અને હરસુર રેણુકાપાસેથી. એમાંની કોઈ પણ વિશ્વાસલાયક નથી. માટે તેમાંનો થોડોએક ભાગ કે જેના ખરાપણ વિશે હુંને બીજી જગોએથી કાંઈ આધાર મળ્યોછે તેટલો આ જગે લઈ બાકીનો હાલ છોડી દઊ છઊં. આ વંશનો પેહેલો રાજા એભલ થયો, જેણે મેવાડથી આવી વળામાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. એ એભલથી ૬ ઠી પેહેડીએ કાઠીના ભાટ બીજો એભલ થયો કેહેછે.

એભલ.... { કોળી લોકો પાસેથી તળાજા લીધું. મ્હોટા એભલથી ૬ ઠો પુરૂષ }
|
સુરાજી.
|
એભલ. ૨ જો. કાળા ચારણનો કોઢ મટાડયો.
|
આણો.
|
એભલ.૩ જો. તેને રાણજી ગોહેલેમારી વળાનું રાજ લીધું.
|
ઉગાઈત. રાહા ચારીયાની કન્યા સોનબાઈને પરણ્યો.
|
વાન.

વાનના પુત્રો:

- ...
- નાગ — ચાંપા પાખી
- વણાર
  - વીસજી, ઢાંક.
    - ચાંપરાજજી, ઢાંક
    - વાળોજી, કાઠીમેળાપાવર
  - અમરસિંહજી, આંતરવડ.
- કહાનો — વાળાકોળી
- પીઠવો — બોરીચા અને શાખવાળા
- વાઘ — વાઘોશીયા આહેર.
- વેરાવળ — શખાયતકાઠિની ત્રણ શાખા [પરેજ.]
- બાળવણ — અસુરાયારાણુ

ઉગા વિશે ભાટલોકો કહે છે કે જુનાગઢના રાહ [illegible]

મેં [illegible] છોડાવ્યો.

આંત્રમેરનો કીલ્લો ઉગાના વંશના આંત્રમીએ બંધાવ્યો. [illegible]

ગિરનારના ચુડાસમા રાજ

નોંઘણ. ઈ. સ. ૯[illegible] [illegible]
ન થયો.

મંડલીક   મહમુદ [illegible]

વિશ્વ   જેવાંસહ   ચુડચંદ્ર
અગર
સમરસીંહ

તેના વંશમાં

મંડલીક   નિમનાથનું દેવળ સુધાર્યું

[illegible]

[illegible] (રા ક [illegible] [illegible] ને [illegible]
[illegible]

ખેંગાર (રાહ ગારીયો). બીજકનો જમાઈ.

જયસિંહ { આ રાજા તથા તે પેહેલાનો ખેંગાર પૃથ્વીરાજની લડાઈમાં હતા

મોકલસિંહ

મેલગ.

ખેંગાર (માહેપાળ) અગર જયસિંહ. { અમદશા સાથે લડ્યા સંવત ૧૬

મંડલીક. છેલ્લો રાજા. મહમદ બેગડે પદભ્રષ્ટ કર્યો. સંવત ૧૫૩૨.

રાજપુત

નાથજી — અરજણજી — દીકરી

કાનોજી

રામજી

ભોજરાજજી

આપાજી

નોંઘણ

હમીરજી

દીકરી

નાથ ગંગાદાસ

ન.જી સાદુલ ભીમજી

સાજી દેવાજી વિરાજી માંડાજી
વાહીર

ધુનાજી
ઈ. સ. ૧૬૧૭
માં મુવા.

હમીરજી
અરજણજી

નોંઘણજી
હમીરજી

સોમાપ્રમાણ
સાથે વેર સંવત
૧૬૨૨

ઝાલા રાજવંશ

હરપાળજી ઝાલા

- સોઢોજી પાટડી
  - ⋮
  - ખેતજી. કુવે આવ્યા
  - રાણવીરજી
  - ભીમજી
  - વાઘજી
  - રાજોધરજી. હળવદ આવ્યા સંવત ૧૫૦૨
  - રાણોજી
  - માનસિંહજી
  - રાયસિંહ
- મંગળજી સઆણા
  - આ વંશના હાલમાં વિરમગામ પરગણામાં વાંટીયાછે—
- શેખડોજી જાંબુ
  - મુંજપાલજી
  - ધમલજી. નાંદ
  - ...જી
  - ધનરાજજી
  - ભાખાજી. કોઠી કુંદણી આ...
  - તેના વંશમાં
  - ખેતાજી {સંવત ૧૫૮૨ ચોપા / સરખારા સાથે વૈર}
    - નાનજી
    - શાંગુજી
    - ભાણજી. જાંબુ આવ્યા

- ચંદ્રસિંહજી
  - આશકરણજી ૦
  - અમરસિંહજી ગાદી
  - પૃથીરાજ વઢવાણ
  - અભેરાજ લખતર સંવત ૧૬૬૦
- ડોશાજી
  - આશાજી. સંવત ૧૬૪૫
    - અદેરાજજી. સંવત ૧૬૮૧

જાડેજા લોકો.

જામરાવળ— હરધોળજી—રેવાજી—મોરજી
નવાનગર ધ્રોળ કીલોસ ખંડેરા

- જામરાવળ (નવાનગર)
  - જીયાજી
    - લાખાજી
  - વીભાજી
    - સત્તાજી
      - અજાજી
      - જસાજી ચંદ્રસિંહ આભાનો જમાઈ સંવત ૧૬૭૩ માં ગાદી બેઠો.
- હરધોળજી (ધ્રોળ)
  - જસાજી
    - બામણીયાજી

શુદ્ધિપત્ર.

		પારેગ્રાફ	પંકતિ	ખરો શબ્દ.
કુશદ્વીપ	૨ અને ૬	૨	૨	કુશદ્વીપ
એ	૬	૧	૨૨	એક
ખુલ્લં	૪	૧	૫	ખુલ્લું
પેહેલાંન	૧૧	૧	૭	પેહેલાંનાં
બાહુલી	૧૫	૨	૧૩	બાહુબળી
બાદશા	૧૮	૨	૭	બાદશાહ
ડાકતર.	૧૯	૨	૩	ડાકતર
ૐમામાર્ય	૨૧	નોટમાં	૬	હેમાચાર્યે
અંધરે	૨૬	૨	૨	અંધેર
સ્થાપ્યા	,,	૨	૯	સ્થાપ્યાં
હિંદુસ્થા	,,	૨	૬	હિંદુસ્થાન
કનીરક	૨૮	૧	૧૧	કનીસ્ક
જોડેલું	૩૮	૧	૧૪	જોડલું
નિશાળીઓ	,,	૧	૧૬	નિશાળીઆઓ
અર્ધમ	૫૩	૧	૪	અધર્મ
વાર્ષ	૭૯	૨	૭	વારશ
વિખરાવવું	૮૨	૨	૧	વિખરાવું
વચ્યા	,,	૨	૭	વહિવચ્યા
પીંહોત્યા	૯૪	૧૦	૫	પોંહોંતા
ત્યાં	૧૦૨	૧	૪	ત્યારે
ભય	,,	૧	૯	ભયં
વાળાના	,,	૩	૩	વાળા
બારવટું	૧૧૫	મથાળે		બારવટું
[illegible]	?	૨	૧૧ ૧૨	ધુંધળ
[illegible]				

ગણુ

અપર્શ

				[illegible]
				[illegible]
				ઉપર
				થવામાં
				[illegible]
[illegible]	[illegible]		૨	મ્હોટું
થાડેક	૧૬૫	૬	૧૯	થોડેક
[illegible]	૧૭૪	૧	૧૪	કહ્યું
[illegible]	૧૮૧	મારણમાં		રાજપૂત
[illegible]	૨૦૨	૩	૫	મુજફર